દાખલ તારીખ : ૩૦/૦૬/૨૦૨૫
રજીસ્ટર કર્યા તારીખ : ૩૦/૦૬/૨૦૨૫
ફેસલ થયા તારીખ : ૦૮/૦૭/૨૦૨૫
અવધિ : ૧ વર્ષ : ૦ માસ ૮ દિવસ

ફોજદારી કેસ નંબર : ૨૪૬/૨૦૨૫
આંક :

**ફોર્મ–એ**

| **ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ સાહેબશ્રીની અદાલતમાં, મુ.મેંદરડા<br>સમક્ષ : જીગ્નેશકુમાર ભીખાભાઈ પુરોહિત<br>ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ<br>જજમેન્ટ તારીખ : ૦૮/૦૭/૨૦૨૬<br>ફોજદારી કેસ નંબર : ૨૪૬/૨૦૨૫<br>એફ.આઈ.આર. નંબર : ૧૧૨૦૩૦૩૯૨૫૦૦૮૧/૨૦૨૫<br>પોલીસ સ્ટેશન : મેંદરડા** | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | કે. બી. ટાંક |
| આરોપી પક્ષ | બાલો ઉર્ફે દેવલભાઈ લગધીરભાઈ મકવાણા<br>રહે. મેંદરડા સાત વડલા વિસ્તાર તા.મેંદરડા જિ.જુનાગઢ |
| આરોપી પક્ષ વિ.વ.શ્રી | પી.પી.સારીયા |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૮/૦૩/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૮/૦૩/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૩૦/૦૬/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ, જો હોય તો | લાગુ પડતુ નથી. |

| અ.નં. | આરોપીનુ નામ | ઘરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શુ નિર્દોષ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમયગાળો બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાલો ઉર્ફે દેવલભાઈ લગધીરભાઈ મકવાણા રહે. મેંદરડા સાત વડલા વિસ્તાર તા.મેંદરડા જિ.જુનાગઢ | ૧૪/૦૫/૨૦૨૫ | ૧૪/૦૫/૨૦૨૫ | ૦૭/૦૩/૨૦૨૬ | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી) | – | – |

## <u>ફોર્મ–સી</u>

**<u>ફરિયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના સાક્ષીની યાદી</u>**

**(અ) ફરિયાદ પક્ષ**

| અ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા.૧ | રોશનબેન વા./ઓ. રજાકભાઈ સીતારભાઈ વડગામા જાતે મુસ્લિમ | ફરિયાદી |
| ફ.સા.૨ | જાહીદભાઈ રજાકભાઈ વડગામા જાતે મુસ્લિમ | સાહેદ |

**(બ) બચાવપક્ષના સાક્ષી, જો હોય તો : નથી**

**(ક) ન્યાયાલયના સાક્ષી, જો હોય તો : નથી**

**<u>ફરિયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી</u>**

| અ.નં. | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ફ.પ./ફ.સા.૧ | (૧) અસલ ફરિયાદ (૨) ફરિયાદીનુ સી.એચ.સી.મેંદરડાનુ સારવાર સર્ટીફીકેટ (૩) બનાવવાળી સ્થા.જગ્યાનુ પંચનામુ |

(બ) બચાવપક્ષ : નથી
(ક) ન્યાયાલય : નથી
(ડ) ભૌતિક વસ્તુઓ : નથી

## -:ચુકાદો:-

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકી હકિકત એવી છે કે, ગત તા.૨૮/૦૩/૨૦૨૬ ના રોજ ક.૧૯:૦૦ કલાકે આ કામના ફરિયાદીનો દિકરો જાહીદભાઈ રજાકભાઈ વડગામા જાતે મુસ્લિમ (ઘાંચી) ઉ.વ.૩૮ ધંધો : વેપાર રહે. મેંદરડા સાત વડલા વિસ્તાર હુશેનીચોક વાળો પોતાની દુકાને બેઠેલ હોય ત્યારે આ કામના આરોપી બાલો ઉર્ફે દેવલભાઈ લગધીરભાઈ મકવાણા ઉ.વ.૨૪ ધંધો : મજુરી રહે. મેંદરડા સાત વડલા વિસ્તાર તા.મેંદરડા જિ.જુનાગઢ વાળો આવી ફરિયાદીના દિકરાને ગાળો બોલી ઢીકાપાટુનો માર મારતો હોય આ કામના ફરિયાદી રોશનબેન વા./ઓ. રજાકભાઈ સીતારભાઈ વડગામા જાતે મુસ્લિમ ઉ.વ.૫૫ ધંધો : ઘરકામ રહે. મેંદરડા હુશેનીચોક સાત વડલા વિસ્તાર તા.મેંદરડા જિ.જુનાગઢ વાળા વચ્ચે પડી છોડાવવા જતા તેને પણ બંન્ને હાથ તથા જમણા પગે ઢીકાપાટુનો માર મારી ફરિયાદીના શરીરે મુંઢ ઈજાઓ કરી ફરિયાદીના દિકરાને ભુંડીગાળો આપી ભારતીય ન્યાય સંહિતાની ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨),૨૯૬(બી) મુજબનો ગુન્હો કરેલાનો આરોપી વિરૂઘ્ઘ આક્ષેપ છે. જે આધારે ગુન્હા લગત મેંદરડા પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નોંધવામાં આવેલ.

(૨) આરોપીને સમન્સ કરતા તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપીને પોલીસ પેપર્સની તમામ નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સબબ આંક–૫ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીએ ગુન્હાની કબુલાતનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે. જેથી હાલનો કેસ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબ પુરાવો નોંધવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| આંક | વિગત |
|---|---|
| ૮ | ફરિયાદી રોશનબેન વા./ઓ. રજાકભાઈ સીતારભાઈ વડગામા જાતે મુસ્લિમની જુબાની |
| ૧૦ | જાહીદભાઈ રજાકભાઈ વડગામા જાતે મુસ્લિમની જુબાની |

**દસ્તાવેજી પુરાવો**

| આંક | વિગત |
|---|---|
| ૯ | અસલ ફરિયાદ |
| ૧૧ | બનાવવાળી સ્થાનિક જગ્યાનુ પંચનામુ |
| ૧૨ | ફરિયાદીનુ સી.એચ.સી.મેંદરડાનુ સારવાર સર્ટીફીકેટ |
| ૧૩ | કલોઝીંગ પુરશીષ |

(૪) આ કામે પડેલ પુરાવા સંદર્ભે આરોપીનુ ૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા જરૂરી જણાતુ ન હોય, આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) આ કામે બંન્ને પક્ષ તરફેની વિગતવાર દલીલો સાંભવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકિકતે સદર કેસના નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## –:: મુદ્દા ::–

(૧) શુ ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૦૩/૨૦૨૬ ના રોજ ક.૧૯:૦૦ કલાકે આ કામના ફરિયાદીનો દિકરો જાહીદભાઈ રજાકભાઈ વડગામા જાતે મુસ્લિમ (ઘાંચી) ઉ.વ.૩૮ ઘંઘો : વેપાર રહે. મેંદરડા સાત વડલા વિસ્તાર હુશેનીચોક વાળો પોતાની દુકાને બેઠેલ હોય ત્યારે આ કામના આરોપી બાલો ઉર્ફે દેવલભાઈ લગધીરભાઈ મકવાણા ઉ.વ.૨૪ ઘંઘો : મજુરી રહે. મેંદરડા સાત વડલા વિસ્તાર તા.મેંદરડા જિ.જુનાગઢ વાળો આવી ફરિયાદીના દિકરાને ગાળો બોલી ઢીકાપાટુનો માર મારતો હોય આ કામના ફરિયાદી રોશનબેન વા./ઓ. રજાકભાઈ સીતારભાઈ વડગામા જાતે મુસ્લિમ ઉ.વ.૫૫ ઘંઘો : ઘરકામ રહે. મેં દરડા હુશેનીચોક સાત વડલા વિસ્તાર તા.મેંદરડા જિ.જુનાગઢ વાળા વચ્ચે પડી છોડાવવા જતા તેને પણ બંન્ને હાથ તથા જમણા પગે ઢીકાપાટુનો માર મારી ફરિયાદીના શરીરે મુંઢ ઈજાઓ કરી ફરિયાદીના દિકરાને ભુંડીગાળો આપી ભારતીય ન્યાય સંહિતાની ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨),૨૯૬(બી) મુજબનો ગુન્હો કરેલ છે?

(૨) શુ હુકમ ?

## –:: નિર્ણયો ::–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

–:: નિર્ણય અંગેના કારણો :–

મુદ્દા નં.૧

(૮) ફરિયાદ પક્ષે ફરિયાદી રોશનબેન વા./ઓ. રજાકભાઈ સીતારભાઈ વડગામા જાતે મુસ્લિમની આંક–૮ એવો પુરાવો આપેલ છે કે, આજથી સવા વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે હુ સાંજના સાતેક વાગ્યે હુ મારા મોટા દિકરાની દુકાન પાસે બેસેલ હતી

ત્યારે સાત વડલામાં રહેતો બાલો ઉર્ફે દેવલભાઈ લગધીરભાઈ મકવાણાએ મારી તથા મારા દિકરા જાવિદ સાથે સામાન્ય બોલાચાલી કરેલી.બોલાચાલી થતા આજુબાજુમાંથી માણસો ભેગા થઈ જતા ધકકામુકકીમાં પડી જતા મને સામાન્ય ઈજા થયેલી. ઈજા બાબતે મે મેંદરડા સરકારી દવાખાને સારવાર લીધેલી. તેમજ બનાવ બાબતે ફરિયાદ આપેલી. તેમને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં મારા અંગુઠાનુ નિશાન બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તે મારૂ અંગુઠાનું નિશાન છે. અસલ ફરિયાદ –૯ થી રજુ કરેલ છે. ફરિયાદી આરોપી તરફેની ઉલટમાં સ્વિકારે છે કે તેમને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને લોકો ભેગા થઈ જતા ધકકામુકકી થતા તેને કહેવાતી ઈજાઓ થયેલી હતી.

(૯) ફરિયાદ પક્ષે સાહેદ જાહીદભાઈ રજાકભાઈ વડગામા તેઓની જુબાનીમાં જણાવેલ છે કે ''બનાવના દિવસે હુ સાંજના સાતેક વાગ્યે મારા માતા મારી દુકાન પાસે બેસેલ હતા ત્યારે સાત વડલામાં રહેતો બાલો ઉર્ફે દેવલભાઈ લગધીરભાઈ મકવાણાએ મારા માતા અને તથા મારી સાથે સામાન્ય બોલાચાલી કરેલી.બોલાચાલી થતા આજુબાજુમાંથી માણસો ભેગા થઈ જતા ધકકામુકકીમાં પડી જતા મારા માતાને સામાન્ય ઈજા થયેલી. ઈજા બાબતે મારા માતાએ મેંદરડા સરકારી દવાખાને સારવાર લીધેલી. તેમજ બનાવ બાબતે મારા માતાએ ફરિયાદ આપેલી. ફરિયાદ અનુસંધાને પોલીસે મારી પુછપરછ કરેલી. ''

(૧૦) આમ, ઉપરોકત રજુ થયેલ ફરિયાદીનો પુરાવો જોતા ફરિયાદીએ શરતપાસ અને ઉલટ તપાસમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલી હોવાનુ જણાવેલ છે અને આરોપીએ તેઓને ભુંડી ગાળો કાઢેલ હોવાનુ અને ઢીકાપાટુનો માર મારેલ હોવાની બાબતનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે તેવુ જણાઈ આવે છે.

(૧૧) આ કામે આંક–૧૧ થી બનાવવાળી સ્થાનીક જગ્યાનુ પંચનામું, આંક–૧૨ થી ફરિયાદીની સારવાર નુ સર્ટીફીકેટ આરોપીના વિ.વ.શ્રીની સંમતિથી આંકે પાડવામાં આવેલ છે પરંતુ બનાવ સમયે આરોપીએ ફરિયાદી કે સાહેદને ભુંડી ગાળો ન આપેલ હોવાનુ અને તેઓને કોઈ ઢીકાપાટુનો માર મારેલ ન હોવાનુ તથા ફરિયાદી અને સાહેદ સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ જણાવતા હોય સદર દસ્તાવેજો ફરિયાદ પક્ષને મદદરૂપ નિવડતા નથી.

(૧૨) આમ, ફરિયાદીના પુરાવ આધારે ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો મળી આવેલ નથી ત્યારે વિશેષ સાહેદો તપાસવાથી પણ ફરિયાદપક્ષને કેસમાં સમર્થન કારી કોઈ જ

પુરાવો મળી આવવાની કોઈ જ શકયતા ન હોય, ફરિયાદી તરફે રજુ થયેલ આંક–૧૩ ની કલોઝીંગ પુરશીષ તથા એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી આધારે ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. આમ રેકર્ડ ઉપરની હકિકતો અને પુરાવો લક્ષમાં લેતા ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરાવા કરી શકેલ ન હોય, આરોપી વિરૂધ્ધના ફરિયાદ મુજબના મુદ્દા નં.૧ ના આક્ષેપો પુરાવાર થતા ન હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: <u>આખરી હુકમ</u> ::

૧. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ –૨૭૧(૧) મુજબ આ કામના આરોપી બાલો ઉર્ફે દેવલભાઈ લગધીરભાઈ મકવાણા રહે. મેંદરડા સાત વડલા વિસ્તાર તા.મેંદરડા જિ.જુનાગઢ વાળાને બી.એન.એસ.એસ.૨૦૦૩ ની કલમ–૧૧૫(૨),૨૯૬(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જામીનખત અને જાત મુચરકા રદ્દ કરવામાં આવે છે.

૩. આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧(૧) મુજબના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તા.૦૮ મી, માહે : જૂલાઈ સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મેંદરડા
તા.૦૮/૦૭/૨૦૨૬

(જીગ્નેશકુમાર ભીખાભાઈ પુરોહિત)
ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ
મેંદરડા
જજ કોડ : જીજે.૦૧૧૮૫